# શાળામાં જવાનું શરૂ કરવા માટે તૈયાર થવું

**શાળામાં જવાનું શરૂ કરવું એબાળકો અને પરિવારો માટે એક મોટું પરીવર્તન છે. નવા લોકો, સ્થાનો અને દિનચર્યાઓની આદત પાડવી એરોમાંચક – અને પડકારજનક હોઈ શકે છે. તમારા બાળકને શાળામાં જવાની સારી શરૂઆત કરવામાં મદદ કરવા માટે તમે ઘણું બધું કરી શકો છો.**

## શાળામાં જવાની સારી શરૂઆત શું છે?

પરિવારો અને સંભાળ રાખનારાઓ તેમના બાળકોના પ્રથમ શિક્ષકો છે. તમે તમારા બાળક સાથે ઘરે જે કઈ પણ કરો છો તે તેમના શિક્ષણ અને વિકાસમાં મદદ કરે છે અને તેમને શાળા માટે તૈયાર કરે છે. તમારા બાળકના શિક્ષણ અને વિકાસને મદદરૂપ થવાની શ્રેષ્ઠ રીત **રમત** દ્વારા તેઓને શીખવવાની છે.

શાળાની સારી શરૂઆત બાળકોને સારી રીતે શીખવામાં અને ખુશ રાખવામા મદદ કરે છે. અને જ્યારે બાળકો શાળામાં ખુશ હોય છે, ત્યારે તેઓ શિક્ષણ મેળવવાનું ચાલુ રાખવા માંગે છે. તમારા બાળકની શાળા તમારા બાળકની વ્યક્તિગત જરૂરિયાતોને પૂરી કરવા માટે, જો તેને જરૂર હોય તો વધારાની સહાય સાથે વિશેષ મહેનત કરશે. તમે તમારા બાળકને શાળામાં સ્થાયી થવામાં અને સુરક્ષિત, આત્મવિશ્વાસ અને કનેક્ટેડ અનુભવવામાં મદદ કરે તેવી વસ્તુઓ કરીને પણ મદદ કરી શકો છો.

## ઘરે રમો અને શીખો

તમારા બાળકને શીખવામાં મદદ કરવા માટે રમવું એ શ્રેષ્ઠ માર્ગ છે. રમવાથી ગણિતના આજીવનકૌશલ્યોનો વિકાસ થાય છે, જેમ કે ગણતરી કરવી, વર્ગીકરણ કરવું, જૂથ અને કદ . રમત તમારા બાળકને પ્રકૃતિ અને વિજ્ઞાન વિશે જાણવામાં મદદ કરે છે અને તેમને સર્જનાત્મક બનાવે છે. જ્યારે તમારું બાળક રમે છે, ત્યારે તેઓ લાગણીઓ વિશે પણ શીખે છે અને તેમની ભાષા અને સાક્ષરતા કૌશલ્યો વિકસિત થાય છે. અહીં કેટલીક વસ્તુઓ છે જે તમે ઘરે કરી શકો છો:

- **રોજિંદી પ્રવૃત્તિઓ:** બાળકો રોજિંદી પ્રવૃત્તિઓ દ્વારા શીખે છે જેમ કે રસોઈ, ટેબલ સેટ કરવામાં અને સાફ કરવામાં મદદ કરવી, ધોવા માટે વર્ગીકરણ કરવું, કપડાં અને રમકડાં સ્થાને રાખવા અને છોડ અને પાલતુ પ્રાણીઓની સંભાળ રાખવી. તમે પ્રશ્નો પૂછીને તમારા બાળકને શીખવામાં મદદ કરી શકો છો, જેમ કે *'આપણને કેટલા કપ લોટની જરૂર છે?'* અથવા *'શું તમે મેચિંગ મોજાં શોધી શકશો?'*
- **રમતો:** UNO, Snap, Memory, I Spy, અને સંતાકૂકડી જેવી સરળ રમતો રમવાથી તમારા બાળકને શીખવામાં મદદ મળે છે અને તેઓ એક પછી બીજાનો વારો કેવી રીતે આવે છે, એ વાત શીખે છે.
- **બિલ્ડિંગ બ્લોક્સ:** LEGO, લાકડાના બ્લોક્સ અથવા કાર્ડબોર્ડ બોક્સ જેવા બિલ્ડીંગ બ્લોક્સથી ઉત્તમ મોટર કૌશલ્યનો વિકાસ થાય છે અને તે તમારા બાળકને સર્જનાત્મક બનાવે છે અને સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરે છે.

- **કળા અને હસ્તકલા:** કલા અને હસ્તકલાની પ્રવૃત્તિઓ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે અને ઉત્તમ મોટર કૌશલ્ય અને સમસ્યાનો ઉકેલ કરવાની કુશળતા વિકસાવે છે.
- **પોશાક પહેરવો:** જુના કપડા પહેરવા અને જુદા જુદા પાત્રોનો અભિનય કરવાથી સર્જનાત્મકતા અને ભાષા કૌશલ્ય વિકસિત થાય છે.
- **સંગીત, વાર્તાઓ અને નૃત્ય:** વાંચન, વાર્તાઓ કહેવી, સંગીત સાંભળવું અને નૃત્ય કરવું અને ઘર અથવા બગીચાની આસપાસની વસ્તુઓ શોધવા માટે 'ટ્રેઝર હન્ટ' આ બધું તમારા બાળકમાં ભાષા કૌશલ્યનું નિર્માણ કરે છે.
- **ઘરની બહાર રમવું:** ચાલવું, ચડવું, બાઈક અથવા સ્કૂટર ચલાવવી, રમતના મેદાનમાં રમવું, ક્યુબી બનાવવા, બોલ ફેંકવો અને પકડવો, ટેનિસ રેકેટ અથવા સોફ્ટ ક્રિકેટ બેટ વડે સોફ્ટ બોલ ફટકરવો, ધૂળ અને કાદવમાં ખોદકામ કરવું - આ બધું તમારા બાળકને શીખવામાં અને વિકસિત થવામાં મદદ કરે છે.
- **શોધ તપાસ કરવી અને પ્રશ્નો પૂછવા::** જ્યારે તમારું બાળક રમતું હોય, ત્યારે આવા પ્રશ્નો પૂછો *'શું તમે વર્ણન કરી શકો છો..?','મને આશ્ચર્ય થાય છે આવું થશે તો શું થશે..?', 'તમે આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપી શકો..?'*
- **દિનચર્યાઓ:** દરરોજ એક જ સમયે સમયસર વસ્તુઓ કરવાથી તમારા બાળકને શું અપેક્ષા રાખવી જોઈએ તે જાણવામાં મદદ મળે છે અને તેમને તેમની લાગણીઓનું સંચાલન કરવામાં પણ મદદ મળે છે. દિનચર્યા બાળકોને શાળાસાથે અનુકૂલન કરવામાં મદદ કરે છે. સૂવાના સમય સાથે નિયમિતતા જાળવવી ખાસ કરીને મહત્વપૂર્ણ છે, ઉદાહરણ તરીકે: રાત્રિભોજન કરવું અને સ્નાન કરવું, પાયજામા પહેરવા, દાંત સાફ કરવા, પુસ્તકો વાંચવા અને પછી સૂઈ જવું.

## શાળાને એક પરિચિત સ્થળ બનવાનું

'શાળાએ જવા માટે તૈયાર' હોવું એ શિક્ષણ મેળવવા વિશે નથી, પરંતુ શાળા કેવી હશે તે સમજવા માટે અને હકારાત્મક અપેક્ષાઓ રાખવા વિશે છે. અહીં કેટલીક બાબતો આપી છે, જે તમે તમારા બાળકને મદદ કરવા માટેકરી શકો છો:

- તમારા બાળકના કિન્ડરગાર્ટન અથવા શાળા દ્વારા ઓફર કરવામાં આવતા શાળા કાર્યક્રમોપૈકી કોઈપણ કાર્યક્રમમાં ભાગ લો.
- શાળાએ જવા અને ત્યાંથી આવવાની યાત્રાની પ્રેક્ટિસ કરો.
- તમારા બાળકને અન્ય બાળકો જેઓ એજ શાળામાં જતાં હોય તેમની સાથે રમવા દો.
- તમારા બાળકને પોશાક કેવી રીતે પહેરવો, શૌચાલયમાં જવા માટે, તેમના હાથ ધોવા માટે, સનસ્ક્રીન લગાવવા માટે અને તેમની શાળાની બેગ પેક કરીને લઈ જવાનું શીખવીને તેમની સ્વતંત્રતાને પ્રોત્સાહિત કરો.
- શાળાએ જવાનું શરૂ કરવા વિશે વાત કરો. તમારા બાળકને શાળામાં જવા પ્રત્યે ઉત્સાહિત કરો અને તેમને જે ચિંતાઓ હોય તેના વિશે વાત કરો.
- શાળાએ જવાનું શરૂ કરવા વિશે પુસ્તકો વાંચી સંભળાવો અથવા વાર્તાઓ કહો.
- શાળાએ ગયા પછી શું થશે તેના વિશે વાત કરો અને પ્રેક્ટિસ કરો.
- શાળાના પ્રારંભ થવાનો અને સમાપ્તિનો સમય તપાસો અને તમારા બાળકને ક્યાં મૂકવા જવું અને ક્યાથી લઈ આવવું તે નક્કી કરીને પિક-અપ અને ડ્રોપ-ઓફમાટે તૈયાર રહો.
- જો તમે કરી શકતા હોવ તો શિક્ષકના નામનો ઉપયોગ કરવાનું શરૂ કરો.

# તમારા બાળકનું કિન્ડરગાર્ટન કેવી રીતે મદદ  કરશે

કિન્ડરગાર્ટન પણ બાળકોને શાળાએ જવાનું શરૂ કરવા માટે તૈયાર થવામાં મદદ  કરે છે. કિન્ડરગાર્ટનમાં, બાળકો રમત  દ્વારા કૌશલ્ય વિકસાવે છે, અન્ય લોકો સાથે કામ કરે છે અને મિત્રો બનાવે છે.

તમારા બાળકના કિન્ડરગાર્ટન શિક્ષક **ટ્રાન્ઝિશન લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ સ્ટેટમેન્ટ (ટ્રાન્ઝીશન સ્ટેટમેન્ટ)** લખીને તમારા બાળકને કિન્ડરગાર્ટનમાંથી શાળામાં જવામાં મદદ  કરશે. ટ્રાન્ઝીશન સ્ટેટમેન્ટ તમારા બાળકની ભાવિ શાળાને આપવામાં આવે છે. તે તમારા બાળકની ક્ષમતાઓ, શક્તિઓ અને રુચિઓ અને તેઓ શ્રેષ્ઠ કેવી રીતે શીખે છે તેનું વર્ણન કરે છે. તમને તમારા બાળકનું ટ્રાન્ઝિશન સ્ટેટમેન્ટ ભરવામાં મદદ  કરવા માટે કહેવામાં આવશે, અને તમારું બાળક પણ તેમના વિચારો અને લાગણીઓ શેર કરી શકે છે.

ટ્રાન્ઝિશન સ્ટેટમેન્ટ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને વિભાગોની વેબસાઇટની મુલાકાત લો (નીચે જુઓ).

# વધુ માહિતી મેળવો

- શાળાએ જવાનું શરૂ કરવા માટેની ટિપ્સ (education.vic.gov.au)
- કિન્ડરગાર્ટનમાંથી શાળામાં જવું (education.vic.gov.au)
- શાળા કેવી રીતે પસંદ કરવી અને નોંધણી કેવી રીતે કરવી (education.vic.gov.au)
- શાળામાં જવાનું શરૂ કરવું: તમારા બાળકને તૈયાર કરવું | બાળકોનું નેટવર્ક વધારવું
- શાળાએ જવાની યોગ્ય શરૂઆત - બેટર હેલ્થ ચેનલ
- શાળાએ જવું, પરિવારો માટે સંસાધનો (education.vic.gov.au)